પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૭ | ૭ નવેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; કારતક વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રક્ષામંત્રી અરૂણાચલ પ્રદેશની મુલાકાતે

રક્ષામંત્રી સુશ્રી નિર્મલા સીતારામને અરૂણાચલ પ્રદેશની મુલાકાત લીધી હતી. અરૂણાચલ પ્રદેશને વિવાદિત ક્ષેત્ર ગણી ચીને તેનો વિરોધ નોંધાવ્યો છે.

### ખાનગી નોકરીઓમાં પણ અનામત મળવુ જોઈએ : નિતિશકુમાર

બિહારના મુખ્યમંત્રી નિતિશકુમારે ખાનગી ક્ષેત્રમાં અનામતની ભલામણ કરી છે.

### વિજય માલ્યા-લલીત મોદીના પ્રત્યાર્પણ માટેના પ્રયાસો

ભારતે વિજય માલ્યા, લલિત મોદી સહિત ૧૩ ભાગેડુઓના પ્રત્યાર્પણ માટે બ્રિટન પાસે સહયોગ માંગ્યો છે. ગૃહ રાજ્યમંત્રી કિરણ રિજ્જુએ બ્રિટનના મંત્રી બ્રાડન લુઈસ સાથે થયેલી દ્વિપક્ષીય બેઠકમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.

### એશીયાકપ ચેમ્પિયન ભારતીય મહિલા હોકી ટીમને ઈનામો

હોકી ઈન્ડિયાએ એશીયા કપ વિજેતા ભારતીય મહિલા હોકી ટીમના પ્રત્યેક સદસ્યને એક-એક લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

# પેરેડાઈઝ પેપર્સમાં ૭૧૪ ભારતીયોના નામ

**જર્મનીના સમાચારપત્ર જીટોયચે સાઈટુંગના અહેવાલથી હાહાકાર મચ્યો : પેરેડાઇઝ પેપર્સ'માં ૧.૩૪ કરોડ દસ્તાવેજો સામેલ, કેન્દ્રીય મંત્રી જયંત સિંહા, વિજય માલ્યા, અમિતાભ બચ્ચન, નીરા રાડિયા, માન્યતા દત્તનું નામ, સન ગ્રુપ, જીએમઆર ગ્રુપ, અપોલો ટાયર્સ, હેવેલ્સ, હિન્દૂજા ગ્રુપ, વિડિયોકોનની પણ સંડોવણી**



ન્યુ દિલ્હી,તા.૬

ભારતમાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની નોટો રદ કરવાના અવસરને એક વર્ષ પૂર્ણ થતાં બ્લેક મની ડે મનાવવા અગાઉ જ ભારતના કાળા નાણાં ક્ષેત્રમાં ભૂકંપ સર્જાયો છે. જર્મનીના સમાચારપત્ર જીટોયચે સાઈટુંગના અહેવાલથી હાહાકાર મચી ગયો છે. આ જ સમાચાર પત્રે ૧૮ મહિના અગાઉ પનામા પેપર્સનો ઘટસ્ફોટ કર્યો હતો.

ઈન્ટરનેશનલ કોન્સોર્ટિયમ ઓફ ઈન્વેસ્ટિગેટિંગ જર્નાલિઝમ (આઈસીઆઈજે) સાથે મળી ૯૬ મીડિયા ઓર્ગેનાઈઝેશને પેરેડાઈઝ પેપર્સ નામના દસ્તાવેજોનું પોસ્ટમોર્ટમ કર્યુ છે. તેમાં ૧.૩૪ કરોડ દસ્તાવેજનો સમાવેશ થાય છે. આ પેપર્સમાં લેભાગુ ફર્મ અને કંપનીઓને ખુલ્લી પાડવામાં આવી છે. આ પેઢીઓ અને કંપનીઓ વિશ્વભરમાં ધનિકો અને વગદાર લોકોને નાણાં વિદેશમાં મોકલવામાં મદદ કરે છે. કૌભાંડમાં અનેક ભારતીય નેતાઓ, અભિનેતાઓ અને વેપાર-ઉદ્યોગસાહસિકોના નામનો સમાવેશ થાય છે.

મીડિયા અહેવાલ પ્રમાણે તેમાં ૭૧૪ ભારતીયોનો સમાવેશ થાય છે અને વિશ્વભરના ૧૮૦ દેશોની સંડોવણી છે. યાદીમાં ભારતનું સ્થાન

● અનુસંધાન પાન-૫ પર

# ડીએમકે વડા કરૂણાનિધિ સાથે મોદીની મુલાકાતથી તર્કવિતર્ક

**નવા સમીકરણોના સંકેતની પણ ચર્ચા છેડાઈ : ચેન્નાઈના પ્રવાસ દરમિયાન મોદી તમામને આશ્ચર્યચકિત કરી કરૂણાને મળ્યા : પીએમ નિવાસ પર આવવા નિમંત્રણ**



નવીદિલ્હી, તા. ૬

દક્ષિણ ભારતન રાજનીતિમાં આજે જોરદાર ઘટનાક્રમનો દોર જોવા મળ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક નવી પહેલ રુપે તમામને આશ્ચર્યચકિત કરી દીધા હતા. મોદી આજે પોતાના પ્રવાસ દરમિયાન ડીએમકેના વડા કરુણાનિધિને મળવા માટે પહોંચી ગયા હતા. તમિળનાડુમાં ભાજપને અન્નાદ્રમુકના નજીકના સાથી તરીકે ગણવામાં આવે છે. જ્યારે ડીએમકે કેન્દ્ર સરકારની નીતિને જોરદાર વિરોધ કરતા પક્ષોમાં સામેલ છે. આવી સ્થિતિમાં મોદી અને કરુણાનિધિ વચ્ચેની વાતચીતથી નવા સમીકરણોના સંકેત પણ દેખાઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરુણાનિધિને માત્ર મળવા માટે જ પહોંચ્યા ન હતા બલ્કે તેમને પીએમ આવાસ ઉપર આવવા માટે આમંત્રણ પણ આપવામાં આવ્યું હતું. તમિળનાડુમાં ભાજપ નવા સમીકરણો શોધી રહી છે કે કેમ તેવા પ્રશ્નો હવે ઉઠી રહ્યા છે.

# ૪૮ અપગ્રેડેડ ટ્રેનોની યાત્રા વધુ મોંઘી

**સુપરફાસ્ટ ચાર્જ અમલી : આ ૪૮ ટ્રેનોથી પ્રવાસ કરવાની સ્થિતિમાં સ્લીપર માટે ૩૦ રૂપિયા, સેકન્ડ અને થર્ડ એસી માટે ૪૧ રૂપિયા વધુ ચુકવવા પડશે : યાત્રીઓ પર વધુ બોજ : ભારતીય રેલવે દ્વારા ૪૮ મેઇલ-એક્સપ્રેસ ટ્રેનો સુપરફાસ્ટ જાહેર**

નવી દિલ્હી,તા. ૬

ભારતીય રેલવેએ જે ૪૮ મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને સુપરફાસ્ટ ટ્રેન જાહેર કરી છે તેના ટિકિટ ભાડામાં પણ વધારો થયો છે. આની સાથે જ આ ટ્રેનોથી મુસાફરી કરવાની સ્થિતીમાં સ્લીર માટે ૩૦ રૂપિયા, સેકન્ડ અને થર્ડ એસી માટે ૪૫ રૂપિયા અને ફર્સ્ટ એસી માટે ૭૫ રૂપિયા વધારે ચુકવવાની ફરજ પડશે. આ નાણાં સુપરફાસ્ટ ચાર્જ તરીકે આપવાની ફરજ પડશે. આ ૪૮ ટ્રેનોમાં ભાડામાં વધારો કરવામાં આવ્યા બાદ રેલવેને ૭૦ કરોડ રૂપિયાની કમાણી થવાની શક્યતા છે. ૪૮ ટ્રેનોને અપગ્રેડ કરવામાં આવ્યા બાદ સુપરફાસ્ટ ટ્રેનની સંખ્યા વધીને ૧૦૭૨ સુધી પહોંચી ગઈ છે. નવી સુપરફાસ્ટ ટ્રેનમાં જે ટ્રેનો સામેલ થઈ ગઈ છે તેમાં પુણે-અમરાવતી એસી એક્સપ્રેસ, પાટલીપુત્ર-ચંદીગઢ એક્સપ્રેસ સહિતની જુદી જુદી ટ્રેનોનો સમાવેશ થાય છે. ખાસ બાબત એ છે કે રેલવેએ આટ્રેનોની સ્પીડ માત્ર પાંચ કિલોમીટર પ્રતિ કલાકથી વધારીને ૫૦થી ૫૫ કિલોમીટર પ્રતિ કલાક કરી છે. આ ઉપરાંત અન્ય બીજી સેવામાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. જો કે ટ્રેનોને અપગ્રેડ કરવામાં આવ્યા બાદ આ ટ્રેનો વધારે ઝડપથી દોડી શકશે તેની કોઈ ગેરંટી હાલમાં દેખાઈ રહી નથી. અપગ્રેડ થયા બાદ આટ્રેનો સમય પર ચાલી શકશે કે કેમ તે

● અનુસંધાન પાન-૫ પર

# ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે આજે અંતિમ ટ્વેન્ટી જંગ

**બંને ટીમો એક-એક મેચ જીતી હોવાથી અંતિમ મેચ ખુબ રોમાંચક બનશે : ટોસ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકે**

થિરુવંતનપુરમ, તા. ૬

થિરુવંતનપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ મેદાન ખાતે આવતીકાલે ત્રીજી અને અંતિમ ટ્વેન્ટી મેચ રમાનાર છે. બંને ટીમો એક એક મેચ જીતી હોવાથી નિર્ણાયક ટ્વેન્ટી મેચ રોમાંચક બની રહે તેવી શક્યતા છે. બીજી ટ્વેન્ટી મેચમાં ન્યુઝીલેન્ડે ભારત ઉપર સરળરીતે જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડે ૨૦ ઓવરમાં ૧૯૬ રન બનાવ્યા હતા. જેમાં કોલિન મુનરોએ ઝંઝાવાતી સદી ફટકારી હતી. આ અગાઉ પ્રથમ ટ્વેન્ટી મેચમાં ભારતે જીત મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રથમ ટ્વેન્ટી મેચમાં ભારતે શાનદાર દેખાવ કરીને ન્યુઝીલેન્ડ ઉપર જીત મેળવી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ આ મેચને લઈને પણ ખુબ આશાવાદી છે. પ્રથમ મેચમાં ભારત તરફથી શિખર ધવન અને રોહિત શર્માએ ધરખમ બેટિંગ કરી હતી. આવતીકાલની મેચમાં પણ સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# યુપીમાં બીઆરડી મેડિકલ કોલેજમાં ચાર દિવસમાં ૫૮ બાળકોના મોત

**છેલ્લા ૪૮ કલાકમાં ૩૦ બાળકોના મોતથી ચકચાર : તંત્રની ચારેબાજુ ટિકા**

નવીદિલ્હી, તા.૬

ગોરખપુરના બીઆરડી મેડિકલ કોલેજમાં માસૂમ બાળકોના મોતનો સિલસિલો યથાવતરીતે જારી રહ્યો છે. મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, એકથી ચાર નવેમ્બર વચ્ચેના ગાળામાં હજુ સુધી ૫૮ બાળકોના મોત થઈ ચુક્યા છે. આમાથી મહિનાથી ઓછી વયના ૩૨ બાળકો અને એક મહિનાથીવધુ વયના ૨૬ બાળકોના મોત થઈ ચુક્યા છે. છેલ્લા ૪૮ કલાકની વાત કરવામાં આવે તો ૩૦ બાળકોના મોત થઈ ચુક્યા છે. બીજી અને ત્રીજી નવેમ્બરના દિવસે હોસ્પિટલમાં ૧૫ નવજાત શિશુને દાખલ કરવામાં આવ્યા હતા જે પૈકી સાતના મોત થઈ ચુક્યા છે. પહેલી નવેમ્બરના દિવસે એક

● અનુસંધાન પાન-૫ પર

# પૂર્વ સાંસદ દિનુ બોઘાનું આત્મસમર્પણ

**સુપ્રીમથી રાહત ન મળતાં ઓથોરીટી સમક્ષ હાજર : સીબીઆઇ કોર્ટ સમક્ષ હાજર થયા બાદ સીધા સાબરમતી જેલ લઇ જવાયા : જેઠવા હત્યા કેસમાં મહત્વનો ઘટનાક્રમ**

અમદાવાદ,તા.૬

આરટીઆઇ એકટીવીસ્ટ અમિત જેઠવાની હત્યાના ચકચારભર્યા કેસમાં જૂનાગઢના ભાજપના પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકીને આખરે આજે સાબરતી જેલ સત્તાવાળાઓ સમક્ષ શરણાગતિ સ્વીકારી લેવી પડી હતી અને જેલભેગા થવાનો વારો આવ્યો હતો. આ કેસમાં પૂર્વ સાંસદ દિનુ બોઘા સોલંકીના જામીન તાજેતરમાં જ સુપ્રીમકોર્ટે ફગાવ્યા બાદ તેમને તાત્કાલિક જેલ સત્તાવાળા સમક્ષ શરણે થઈ જવા પણ સુપ્રીમકોર્ટે તાકીદ કરી હતી, જેને પગલે દિનુ બોઘા સોલંકીએ આજે જેલ ઓથોરીટી સમક્ષ હાજર થઈ ગયા હતા. ગીર વન્ય ક્ષેત્રમાં માઈનીંગ સહિતની ગેરકાયદે ખનન સહિતની પ્રવૃત્તિઓ સામે લડાયક ઝુંબેશ ચલાવનાર આરટીઆઈ એકટીવીસ્ટ અમિત જેઠવાની ૨૦૧૦માં ગુજરાત હાઈકોર્ટની સામે જ પોઈન્ટ બ્લેન્ક

● અનુસંધાન પાન-૫ પર

# શ્રીનગરમાં બીએસએફ કેમ્પ પર જૈશ-એ-મોહમંદે હુમલો કરાવ્યો

ન્યુ દિલ્હી/ઈસ્લામાબાદ,તા.૬

પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહંમદના પ્રમુખ મસૂદ અઝહર વિરુદ્ધ ભારતે આતંકવાદી હોવાના ઘણા પૂરાવા આપ્યા છે. પાકિસ્તાન અને ચીન ભલે મસૂદને બચાવની ભૂમિકામાં હોય, પરંતુ એક ઓડિયો ક્લીપમાં મસૂદે પોતે જ શ્રીનગરમાં બીએસએફ કેમ્પ પર હુમલા કરાવ્યા હોવાની વાત કબૂલ કરી છે.

પાકિસ્તાનમાં સુરક્ષિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહંમદના પ્રમુખ મસૂદ અઝહરને

● અનુસંધાન પાન-૫ પર







